


## સલામી સવારની..

*ન્યાયનો 'હથોડો' જ કદી સાધન થઈ જાય છે,*
*આંખે છે પાટા 'ત્રાજવું' ઉંચું-નીચું થઈ જાય છે!*
*ખુલ્લી જાય છટકબારી, 'મુદ્દત' અર્થઘટનની -*
*ન્યાયની ભેંસને, શીંગડાંનો જ ભાર થઈ જાય છે*

હાઈકુ

*કાયદા વિના,*
*પડી ગૈ ફાટફૂટ -*
*ત્રણ તલ્લાક!!*

*બંધાણી આશા*
*કોંગી પાનખરમાં*
*'શરદ' હૂંફ*

### ચિંતન

**જિન્હ કૈ લહહિં ન રિપુ રન પીઠી, નહીં પાવહિં પર તિય મનુ ડીઠી ।**
**મંગલ લહહિં ન જિન્હ કૈ નાહીં, તે નરબત થોરે જગ માહીં ॥**

ઉપરોક્ત દોહો રામચરિત માનસમાંથી લેવામાં આવેલ છે.

યુદ્ધમાં શત્રુ જેની પીઠ જોઈ શકતો નથી, પરસ્ત્રી જેને આકર્ષિ શકતી નથી તથા યાચક જેની પાસેથી 'નહિં આપું' એવો શબ્દ સાંભળથો નથી, એવા શ્રેષ્ઠ મનુષ્ય જગતમાં થોડા જ છે.

જે ધર્મયુદ્ધમાં કદી પીછેહઠ નથી કરતા અર્થાત્ સત્ય માટે સદાય ઝઝૂમે છે કદી પણ નાશીપાસ - હતાશ થઈ અધવચ્ચે છોડી જતા નથી એવા,

જેમને પરસ્ત્રી પ્રત્યે લોલુપતા કે આકર્ષણ નથી એવા, ચારિત્ર્યવાન અને માગણ-ભિક્ષુક કે યાચના કરનાર કોઈને પણ 'નહીં આપું' કહી નકારતા નથી એવા ઉદાર મનુષ્ય આ જગતમાં બહુ જ ઓછા છે.

### સુવિચાર

- કોઈ જોતું ન હોય તેમ નૃત્ય કરો, કયારેક દુભાયા ન હોવ એમ પ્રેમ કરો, કોઈ સાંભળતું ન હોય એમ ગાઓ, અને પૃથ્વી પર સ્વર્ગ હોય તેમ જીવો - **ઓશો**
- સફળતા જ નહીં પણ નિષ્ફળતાની પણ તમન્ના કરો, જેથી તમારી પોલાદી શક્તિનું પાણી મપાય - **ફિડેલ કાસ્ટ્રો**
- સફળતા માટે પ્રતિભા કરતા વધારે જરૂરી તકનો લાભ ઉઠાવી લેવાની આવડત છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સેવા સ્વભાવે ઓછા બોલી હોય છે પરંતુ અહંકારનો ઓડકાર તો સૌને સંભળાય છે - **ગુણવંત શાહ**
- ગુણની પાછળ મોટાઈ પડછાયાની જેમ આપે છે - **બાંગ્લા કહેવત**
- માણસના હાથને જયારે સત્તા અડકી જાય છે ત્યારે તે સ્પર્શ માનવીના હાથને ઝેર પણ ચડોવે છે - **સિસિરો**
- આજનું ઔષધ : ક્ષુધા સંતોષવા આમલીના પાનની ચટણી સવાજ-સાંજ લઈ શકાય

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

સેવાવૃત્તિ ધરાવનારે, પોતાનાં માન-પાન-સ્થાન-સ્વમાનનો ત્યાગ કરી સેવામાં જોડાઈ જવું જોઈએ.

માનસરોવરે એક દિવસ ભગવાન વિષ્ણુને ફરિયાદ કરતાં કહ્યું, 'પ્રભુ! આપ ગંગા નદીની ખૂબ પ્રશંસા કરો છો! હું પણ મનુષ્યોને શીતળતા આપું છું ને મોક્ષ આપું છું, સદ્ગતિ પણ આપું છું. છતાં ગંગા જેટલું પુણ્ય મને કેમ મળતું નથી ??'

ભગવાન વિષ્ણુ એ જવાબ આપ્યો. 'ગંગા તો ગામેગામ, ઘરેઘરે જઈને મનુષ્યની તરસ છિપાવે છે, સૌને સદ્ગતિ આપવા પોતે મનુષ્યો પાસે પહોંચી જાય છે, જયારે તમે તો તમારી પાસે આવનારને જ સદ્ગતિ આપો છો?'

માનસરોવરને હવે સમજાયું કે ગંગા ખરેખર મહાન છે. તેની ઈર્ષા કરવી વ્યાજબી નથી.

કોઈની સામે ચાલીને સેવા કરવામાં અનેરો આનંદ પ્રાપ્ત થાય છે. જીવનની સાર્થકતા અન્યની સેવા કરવામાં જ છે.

# ચૂંટણીલક્ષી આયોજનો કરતી કેન્દ્ર સરકાર

**તંત્રીસ્થાનેથી...**

હરિયાણાના જાટ આંદોલન અને ગુજરાતના પાટીદાર અનામત આંદોલનને પગલે શાસક ભાજપા સામે ઊભો થયેલો વિરોધ શમાવવા કેન્દ્ર સરકારે પછાત વર્ગ પંચના વર્તમાન માળખાને વિખેરી નાખી નવું 'નેશનલ કમિશન ફૉર સોશિયલી એન્ડ ઈકોનોમિકલી બેકવર્ડ કલાસ' રચવાનાં ચક્રો ગતિમાન કર્યાં છે. વળી કઈ જ્ઞાતિઓનો પછાત વર્ગમાં સમાવેશ કરવો તે હવે સરકાર નહીં પણ સંસદ નક્કી કરશે. આ પંચને બંધારણીય માન્યતા મળતાં એ અનુસૂચિત જાતિ અને જનજાતિ માટેના રાષ્ટ્રીય આયોગની જેમ સુવાંગ બંધારણીય દરજ્જો ધરાવશે. ઉત્તરપ્રદેશ સહિત ઘણાં રાજયોમાં સત્તાસ્થાને આવેલ કેસરિયા પાર્ટી હવે નારાજ જ્ઞાતિ સમૂહોની માગણીઓ ઉકેલવાની દિશામાં કાર્યરત બનશે. આગામી લોકસભાની ચૂંટણીઓ સુધીમાં જાટ અને પાટીદાર સમાજને બંધારણીય દરજ્જો ધરાવતા રાષ્ટ્રીય આયોગ દ્વારા અનામત મળી ગઈ હશે અને સંસદે એના પર મહોર મારી દીધી હશે. આમ જુઓ તો આ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વેળાસર લેવાયેલું ચૂંટણીલક્ષી પગલું છે. આનું જ નામ તે રાજકારણ. હવે જયારે અનામતમાં કઈ જ્ઞાતિને સમાવવી તેનો નિર્ણય સંસદ લેશે અને સંસદ સર્વોપરિ હોઈ એમાં ન્યાયતંત્રની દખલ પણ ચાલશે નહીં, ત્યારે સ્વાભાવિક રીતે જ પ્રજાના પ્રતિનિધિ તરીકે ચૂંટાયેલા સાંસદો પ્રજાકીય માગણીને વાજબી ઠેરવવા પ્રયાસ કરશે. સુપ્રીમ કોર્ટે જાટ અનામત અંગે હરિયાણા સરકારે લીધેલ નિર્ણયની વિરુદ્ધમાં ચુકાદો આપ્યો હતો તે સર્વવિદિત છે. મોદી એવી સ્થિતિ સર્જવા માગે છે કે આ મુદ્દે સંસદ બહુમતોથી જે નિર્ણય લેશે બંધારણીય દરજ્જો ધરાવતા આયોગની મહોર વાગેલી હશે એટલે ન્યાયતંત્ર માટે હસ્તક્ષેપ કરવાની જરૂર જ નહીં પડે બલકે એવો અવકાશ જ નહીં રહે. ચૂંટણીલક્ષી આવો જ નિર્ણય ગુજરાતની રૂપાણી સરકાર દ્વારા ગૌરક્ષા સંદર્ભે લેવાઈ રહ્યો છે. ગૌહત્યા માટેના પ્રવર્તમાન કાયદાને જડબેસલાક બનાવી રાત્રી દરમિયાન ઢોરોનો હેરાફેરી પર પ્રતિબંધ મૂકવાની જોગવાઈ થવાની સંભાવના છે. વળી ગૌહત્યા માટેની સજા વધારીને ૭ થી ૧૦ વર્ષ કરાશે તેવું પણ જાળવા મળે છે. આટલા કડક કાયદા પછી સ્વાભાવિક રીતે જ કસાઈઓ ગાય કે ગૌવંશને અકડવાની ભાગ્યે જ હિંમત કરી શકશે. ઉત્તરપ્રદેશમાં સત્તા સ્થાને આવતાંની સાથે જ કટ્ટર હિંદુત્વવાદી મુખ્યમંત્રીએ કતલખાનાં અને માંસની દુકાનો સીલ કરવામાં જે સપાટો બોલાવ્યો છે, તેથી અમિત શાહે ચૂંટણી પ્રચાર દરમિયાન આપેલ વચન યોગી આદિત્યનાથની સરકાર અક્ષરશ: પાળી રહી હોવાની છાપ ઉપસી છે. દેશની બહુમતિ હિંદુ પ્રજા માટે મોદીના હાથ નીચેની સરકારો હિંદુત્વના એજન્ડાને આગળ ધપાવી રહી હોવાની પ્રતીતિ એ મોટું આશ્વાસન બની રહેશે. અનામત માગતી વિવિધ જ્ઞાતિઓ માટે સંસદ જ છેલ્લું આશ્રયસ્થાન બની રહેશે ત્યારે સંસદમાં સ્પષ્ટ બહુમતી ધરાવતી ભાજપ સરકારનો અનામત મુદ્દે વિરોધ કરવાની હિંમત કયો વિપક્ષ કરશે ? બલકે કોંગ્રેસ તો વારંવાર પાટીદારોને અને જાટોને અનામત આપવાની તરફેણ કરતી જ રહી છે અને એ માટે સંસદ દ્વારા કાનૂન બનાવવાની ભલાણમ કરતી રહી છે. મોદીએ બરાબર સમયસર આ મુદ્દે ભાજપનો હાથ અધ્ધર રહે અને આગામી ચૂંટણીઓ દરમિયાન અનામતની માગણી કરતી આવી સમૃદ્ધ જ્ઞાતિઓ પોતાની સાથે રહે, એવી ચાલ ચાલી ૨૦૧૯ના વિજય પ્રસ્થાનનો માર્ગ મોકળો કરી દીધો છે.

# નારી સંવેદના વિષયે વ્યાખ્યાન યોજાયું

● ભારતીય વિદ્યાભવન મુંબઈ કેન્દ્રમાં, રસિકાબેન મહેતા (મોમ્બાસા) સ્મૃતિ વ્યાખ્યાન શ્રેણીમાં 'ગુજરાતી સાહિત્ય અને નારી સંવેદના : એક ઝાંખી' વિષય પર એસ.એન.ડી.ટી. મહાવિદ્યાલય, મુંબઈના પ્રા. અને અધ્યક્ષ ડૉ. વિભૂતિ પટેલનું વ્યાખ્યાન યોજાઈ ગયું. ડૉ. વિભૂતિ પટેલે મધ્યકાલીન, સુધારક, ગાંધી, સ્વાતંત્ર્યોત્તર અને આધુનિક યુગના વિશાળ ગુજરાતી સાહિત્ય ફલક ઉપર નારી - સંવેદનાના નિરુપણને ઉલ્લેખિત કરી, નારી-સંવેદના સાથે તત્કાલીન નારીઓની સમસ્યાઓ અને નિરાકરણ ઉપર વિદ્વતાપૂર્ણ પ્રકાશ પાડ્યો હતો. તથા બાળવિવાહ, દહેજ પ્રથા, વિધવાઓની દુર્દશા, સ્ત્રીઓનું વસ્તુકરણ, કામ કરતી સ્ત્રીઓનું દમન, જાતીય શોષણ, લિંગભેદ, લગ્નેત્તર સંબંધો વિગેરેથી સ્ત્રીઓના જીવનપર થતી અસરો વિષે વિશ્લેષણ કર્યું હતું. ડૉ. ગિરીશ જાનિએ અધ્યક્ષીય પ્રવચનમાં ગુજરાતી સર્જનાત્મક લખાણ દ્વારા સ્ત્રીની સામાજિક ગુજરાતી સર્જનાત્મક લખાણ દ્વારા સ્ત્રીની સામાજિક સમસ્યાઓ અને એના નિરાકરણની ભૂમિકાને સમજાવી હતી.

● સુરત - 'નર્મદ સાહિત્ય સભા'; 'ગુજરાતી પરિષદ' અને 'સાહિત્ય સંગમ' ના સંયુક્ત ઉપક્રમે મહિનામાં એક વખત યોજાયો એક કવિના કાવ્યપઠનના કાર્યક્રમમાં કવયિત્રી એષા દાદવાળાના સ્વરચિત કાવ્યોનું પઠન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ બકુલેશ દેસાઈના પ્રમુખ સ્થાને અને ગૌરાંસ ઠાકરના સંચાલન તળે યોજાઈ ગયો. એષાનો પ્રથમ કાવ્ય સંગ્રહ 'વરતારો' અને 'બીજો કાવ્યસંગ્રહ' 'જન્મારો' રજૂ થયો. તેમનું 'કયાં ગી એ છોકરી' નામનું પુસ્તક પણ પ્રકાશિત થયું. દક્ષિણ ગુજરાતનાં આ એકમાત્ર કવયિત્રીને, ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગૌરવ ગુજરાત પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યો છે.

ગુજરાતી નાટકને વિશ્વસ્તરે વિસ્તરવાની મહત્ત્વાકાંક્ષા ધરાવતા નાટ્યકાર હસમુખ બારાડીનું ૪થી ફેબ્રુ. ૨૦૧૭ના રોજ વર્ષની વયે અવસાન થતાં ગુજરાતી રંગભૂમિએ એક હોનહાર મોભી ગુમાવ્યો છે. બારાડી નાટ્યપ્રવૃત્તિને સમર્પિત લેખક-કલાકાર હતા. અનુઆધુનિકતાને બંધ બેસે તેવા લોકકેન્દ્રી થિયેટરના અંગરૂપે શેરી નાટકો પણ લખ્યા છે ભજવ્યા છે અને ભજવાવ્યાં છે. 'નાટક સરીખો નાદર હુન્નર' એ તેમના નાટક અને રંગભૂમિને લગતા લેખોનો સંગ્રહ છે તેમને 'ગુજરાતી રંગભૂમિનો ઈતિહાસ' નેશનલ બુક ટ્રસ્ટ, દિલ્હીના ઉપક્રમે તૈયાર કર્યો હતો અને યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ તરફથી 'ટી.વી. પ્રોડક્શન' વિષય પર પાઠ્યપુસ્તક તૈયાર કર્યું હતું. જેને એ વિષયના વર્ષના શ્રેષ્ઠ પાઠ્યપુસ્તક તૈયાર કર્યું હતું જેને એ વિષયના વર્ષના શ્રેષ્ઠ પાઠ્યપુસ્તક તૈયાર કર્યું હતું જેને આ વિષયના વર્ષના શ્રેષ્ઠ પુસ્તક તરીકે પારિતોષિક મળ્યું હતું. બટુભાઈ ઉમરવાડિયાની સ્મૃતિમાં સ્થપાયેલ નાટ્યશિક્ષણ સંશોધન સંસ્થાન કાર્યવાહક તરીકે તેમજ 'નાટક' ત્રૈમાસિકના તંત્રી તરીકે સેવાઓ આપી હતી અને તેમને નાટ્યલેખન માટે 'નર્મદચંદ્રક' પણ અર્પણ થયો હતો. સદ્ગતના દિવ્ય આત્માને શ્રદ્ધાસુમન અર્પણ.




● ચિનુ મોદી, હજુ તો તા. ૨૭-૨-૨૦૧૭ના રોજ જ, તબિયત સારી ન હોવા છતાં, ગાંધીનગર સાહિત્ય સભાના વાર્ષિક અધિવેશનમાં પધારેલ અને તેમની સાથે જ મંચ પર બેસીને તેમના ગઝલ કાર્યક્રમને માણેલ. તેઓની એકાએક થયેલ વિદાય, એ સાહિત્ય જગત માટે એક આંચકારૂપ છે.

ગુજરાતી કાવ્યો, ગઝલો, બાળસાહિત્ય, આત્મકથા, વાર્તાઓ કે નાટકો વિવેચન આમાંથી એક પણ ક્ષેત્ર એવું નથી જેમાં ચીનુ મોદીએ ખેડાણ ન કર્યું હોય. ગઝલકારો અને કવિઓની એક આખી પેઢી તૈયાર કરનાર અને 'જલસા અવતાર'માં સમગ્ર જીવનને માણનાર આ કવિનું ૧૯મી માર્ચ-૨૦૧૭ના રોજ રવિવારે સાંજે નિધન થયું અને ગુજરાતી સાહિત્યે એક ઝગમગતો તારલો ગુમાવ્યો. આ સદ્ગતના દિવ્ય આત્માને કોટિ કોટિ વંદન સહ, શ્રદ્ધા સુમન ભરી ભાવાંજલિ.

● ગુજરાતી સાહિત્ય અકાદમી અને શબ્દસેતુ, મોડાસાના સંયુક્ત ઉપક્રમે માધવ રામાનુજ અને રાજેશ વ્યાસ 'મિસ્કીન'ની ઉપસ્થિતિમાં કવિ સંમેલન-૧૬ યોજાઈ ગયું. જેમાં રમેશ આચાર્ય, માસૂમ મોડાસવી, મુસાફીર પાલનપુર, સલીમ શેખ અને અનંત રાઠોડે કાવ્યપઠન કર્યું હતું.

**અનુસંધાન પાના નં. ૭ પર**

# ભાર વગરના ભણતરને જ્ઞાન સાથેના ગણતરનો ગાંધી માર્ગી કેળવણી વિચાર

**અક્ષરજ્ઞાન કરતાં સંસ્કારની કેળવણી વધુ મહત્ત્વની છે**

શિક્ષણનું કામ રોજગાર સર્જનનું નથી. રોજગારી તો અર્થતંત્ર સાથે સંકળાયેલી બાબત છે પરંતુ કેળવણીની વાત આવે ત્યારે ગાંધીવિચાર પ્રમાણે 'રોજી' કેવળણીગત ઉદ્દેશની સામે સાંસ્કૃતિક ઉદ્દેશ પડેલો છે. આ ઉદ્દેશ પ્રમાણે જ્ઞાન, તે ધરાવનારને ભૌતિક રીતે ઉપયોગી થાય તે સિવાય પણ, પ્રાપ્ત કરવા યોગ્ય છે. વૈશ્વિક કક્ષાએ આવા પ્રકારના જ્ઞાન સમાર્જનને લિબરલ એટલે કે ઉદાર કેળવણી કહેવામાં આવે છે. આજકાલ ઉભા થયેલા સેલ્ફ ફાયનાન્સ લિબરલ સ્ટડીઝ કેન્દ્રો તેનું દૃષ્ટાંત છે.

ગાંધીના વિચાર કરતા જરા જુદો જ વિચાર ધરાવતા કેળવણીના સાંસ્કૃતિક ઉદ્દેશની હિમાયત કરનારા વિદ્વાનો એવો મત વ્યક્ત કરે છે કે માણસ બૌદ્ધિક કામમાં રોકાયેલો હોવાના કારણે, એ દ્વારા તેના મનને, એ પછીથી હંમેશા નવી પરિસ્થિતિમાં વધારે સારી રીતે વર્તવાને, તાલીમ મળે છે. પરંતુ આ વિચારસરણી વખતે આપણે સમજવું જોઈએ કે જ્ઞાન એ સંસ્કારીતા નથી.

આપણા જાણીતા શિક્ષક-રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન કહે છે : 'કુતૂહલને સંતોષનું કેવળ જ્ઞાન વ્યક્તિત્વને સુશીલ બનાવનાર સંસ્કૃતિની ભિન્ન છે. દુનિયાના મહાન વીરપુરુષોના જન્મની તારીખો અંગેની ઢગલાબંદ ચિત્રવિચિત્ર વિગતો યાદ રાખવી અથવા આટલાંટિક ઓળંગનારી ઝડપીમાં ઝડપી આગબોટોના મજાના નામો યાદ રાખવાં અથવા તો વર્તમાન સમયની અગ્રગણ્ય' વ્યક્તિઓનો પરિચય આપવા છેલ્લામાં છેલ્લા પુસ્તકની ભાતભાતની માહિતી યાદ રાખવી એ સંસ્કારિતા નથી.

ડૉ. રાધાકૃષ્ણનના શબ્દો હજુ વધુ જોઈએ તો તેઓ કહે છે, વર્ગીકરણ કરેલી માહિતી કેટલા પ્રમાણમાં માણસના જિહ્વાગ્રે છે એનાથી નહીં, પરંતુ જીવનની હકીકતો પર તે જેની અસર પાડે છે તે ચિત્તની ગુણવત્તાથી તેની સંસ્કારિતાની કસોટી કરી શકાય. (સ્વતંત્રતા અને સંસ્કૃતિ, લે : ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન, પૃષ્ઠ : ૨૨,૨૩)

ગાંધીજી હાડોહાડ વહેવારુ હતા. સંસ્કારિતાનો તેમનો ખ્યાલ અસલ ગાંધીવાદી હતો. નવી દિલ્હીના કસ્તૂરબા આશ્રમની વિદ્યાર્થીઓને સંબોધતા તેમણે સરળ શબ્દોમાં કહ્યું હતું, 'અક્ષરજ્ઞાન કરતાં સંસ્કારની કેળવણીને હું વધારે મહત્ત્વ આપુ છું. સંસ્કારિતા એ પાયાની વસ્તુ છે. તમારા બોલવામાં, તમારા અન્ય સાથેના વર્તાવમાં, આપસમાં એકબીજી સાથેના તેમ જ તમારા શિક્ષકોને વડીલો સાથેના તમારા વર્તનમાં અંતરની સંસ્કારિતાની અસર વરતાઈ આવવી જોઈએ. (હરિજન બંદુ, ૧૨.૫. ૧૯૪૬)'




આમ, ગાંધી પંડિતોની સંસ્કારિતા સંબંધેની વિચાર શ્રૃંખલાથી અલગ સૂર વ્યક્ત કરે છે. ગાંધીજીની દૃષ્ટિએ સંસ્કારિતા બૌદ્ધિક કામની પેશાદ નથી પણ માનવીના આચરણની સઘળી બાજુઓનાં ઓતપ્રોત થયેલો આત્મનો ગુણ છે. ગાંધીજીને મન કેળવણીનો મહત્ત્વનો ઉદ્દેશ છે.

ગાંધીએ કહેલી વાત બોર્ડ અને યુનિવર્સિટી કક્ષાના વિદ્યાર્થીઓએ સમજવા જેવી છે. વિદ્યાર્થીઓ અને વાલીઓએ આ વાત સમજીને અમલમાં ઉતારવા જેવી છે.

ગાંધી કહે છે : કેળવણીનું કાર્ય આત્માને વળગેલા ભારે બોજામાં ઉમેરો કરવાનું નથી. પણ તે ઉંચે ઉડવાની પોતાની સરજ પ્રકૃતિને અનુસરી શકે તે માટે આત્મા ઉપરનો બોજો દૂર કરીને તેને મુક્ત કરવાનું છે. શાળા-કૉલેજનો વિદ્યાર્થી તેના વિદ્યાર્થી કાળમાં કેવળ કંઈક શીખે છે એવું નથી, માત્ર એટલું જ નહીં પરંતુ સંસ્કાર ગ્રહણ કરવાના આ વર્ષો દરમિયાન ચિત્તની ચિત્ત સાથેની નિરંતર ચાલતી ટક્કર, વિચારોની આપલે, અભિપ્રાયોની કસોટી તથા માનવસ્વભાવના જ્ઞાનનો વિકાસ જેવી કેળવણીની પરિવર્તન કરનારી અસર નીચે આવીને તે કંઈક જુદી જ વસ્તુ બને છે.

ગાંધીજીના અંતરના અવાજને સાંભળીએ તો જાણવા મળે છે કે, 'સાચી કેળવણી તો એ કહેવાય જે બાળકોની આધ્યાત્મિક, બૌદ્ધિક અને શારીરિક શક્તિઓને બહાર આણે અને તેને ખીલવે. -' ગાંધીના અંતરનો અવાજ સહુ સુધી પહોંચે તો શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણને ભાર વગરનું ભણતરને જ્ઞાન સાથેનું ગણતર બનાવી શકાશે. શિક્ષિત બેકારીનું ગણતર બનાવી શકાશે. શિક્ષિત બેકારીનું વિષચક્ર તોડવાનું સામર્થ્ય ગાંધીના આ વિચારમાં જડાયેલું છે.

વિશેષ સંદર્ભ : મહાત્મા ગાંધીની કેળવણીની ફિલસૂફી, લેખક - ડૉ. મણિભાઈ શિવાભાઈ પટેલ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ)

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# પરમ ધન પ્રભુના લેજો લોક ! નાનાલાલની શબ્દ શાધના

ગુડી પડવાનો શુભ દિવસ કવિ નાનાલાલનો જન્મ દિવસ હોવાથી અનેક ગુજરાતીઓને મહાકવિ નાનાલાલની સ્મૃતિ આ દિવસે તાજી થાય છે. કવિ નાનાલાલની અનેક રચનાઓ કાળના કપરા પ્રવાહમાં પણ ઝાંખી થાય તેવી નથી. કવિ એમ. એ. થયા ત્યાં સુધીમાં તેમના કાવ્યોનો સંગ્રહ તૈયાર થઈ ગયો હતો ! આવી બાબત એ એક ભાગ્યેજ બનતી ઘટના ગણી શકાય. મહાકવિના કાવ્યોમાં સૌંદર્ય તથા સ્નેહ મેઘધનુષના રંગોની માફક શોભાયમાન છે. કવિનો સ્નેહ તેમના જીવનમાંથી તેમજ તેમના શબ્દોમાંથી સતત પ્રગટ થતો રહે છે. કવિ લખે છે : ધર્મ અને સ્નેહના બન્ને નયન અખંડ રાખી ન ફૂટવા દેવાં. કવિના જીવનક્રમને નીરખીએ તો તેની ગતિ સતત ઉર્ધ્વગામી જણાય છે. કવિ પોતાનીજ સૂઝ તથા જાગૃતિથી પોતાનામાં વસતા કવિ તથા ભક્તને બરાબર પારખી શક્યા છે. માનવી ઉપરની તેમની શ્રધ્ધા અચળ છે. જગતના ઉન્નત અને મંગલમય ભાવિમાટે કવિ પૂર્ણતઃ વિશ્વાસ ધરાવે છે. દલપતરામના જીવન ઘડતરના પાઠ અને સંસ્કાર કવિએ આત્મસાત કરી લીધા હોય તેમ લાગ્યા કરે છે. કવિએ ઉર્ધ્વગામી જીવતરનું સ્વપ્ન સેવ્યું છે. જીવન પણ એવુંજ જીવ્યા છે.

ઉર્ધ્વગામીનું જવું યે ધન્ય છે
અધોગામીનું જીવવું યે ધૂળ છે.

મહાકવિ તેમના સર્જનથી તથા સ્વભાવથી વસંતના પ્રતિનિધિ બની રહ્યા છે. તેમને ''વસંતના કવિ'' તરીકે ઓળખાવવામાં આવે છે તે સર્વથા ઉચિત છે. કવિના શબ્દો વસંતને વધાવે છે. સૌને વસંતનો વૈભવ વહેંચવાની કવિની મહેચ્છા તેમના રળિયામણાં શબ્દોમાં ખીલી ઊઠી છે. કવિ તેમની એક સુંદર પંક્તિમાં કોયલને વિનંતી કરે છે કે ''મારે બારણે વસંતમંત્ર બોલી જજે !''

રાજ ! કોઈ વસંત લ્યો
વસંત લ્યો,
હાં રે મારી ક્યારીમાં મ્હેક મ્હેક
મ્હેકી, રાજ ! કોઈ વસંત લ્યો.

દેશ પરાધિન થયો હતો તે કપરા કાળમાં આપણો દેશ અંગ્રેજોની ગુલામીમાંથી મુક્તિ મેળવશે કે કેમ તથા તેમ થશે તો પણ ક્યારે થશે તેની અનિશ્ચિતતા તથા ચિંતા ઘણા લોકોના મનમાં હતી. ગોરી હકૂમતની નાગચૂડ સખત હોય તેવો એ સમય હતો. આ કપરા સમયમાં પણ દ્રષ્ટા કવિ મુક્ત ભારતના વિચારના સમર્થ વાહક બન્યા હતા. ગાંધીજી દેશના નકશા ઉપર દેખાયા હતા અને જોત જોતામાં છવાઈ ગયા હતા. કવિ નાનાલાલ (૧૮૭૭ – ૧૯૪૬) ગાંધીજી કરતા આઠ વર્ષ નાના હતા. ૧૯૧૯ માં ગાંધીજીની ૫૦મી જન્મજયંતિ દેશભરમાં અનેક લોકો પોત પોતાની રીતે ઉજવતા હતા. આ અવસરે કવિ નાનાલાલે ગાંધીજીને ઉમળકાભેર અંજલિ આપતું એક સુંદર તથા અર્થપૂર્ણ કાવ્ય ''ગુજરાતનો તપસ્વી'' લખીને પ્રગટ કર્યું. આ કાવ્યને ગુજરાતી ભાષામાં ગાંધીજી વિશે લખાયેલું આ પ્રથમ કાવ્ય માનવામાં આવે છે. આ કાવ્ય જેવા ગાંધી વિશે બીજા કાવ્યો ભાગ્યેજ જોવા મળે તેવું સાહિત્યના અભ્યાસુઓનું તારણ છે. જે સમયે કવિએ આ કાવ્ય લખ્યું ત્યારે તેઓ બ્રિટિશ સરકારની નોકરીમાં હતા. કવિ સૌરાષ્ટ્રની બ્રિટિશ એજન્સીના શિક્ષણાધિકારી તરીકે ફરજ બજાવતા હતા. આ પદ સાથે પ્રતિષ્ઠા તથા સારું એવું આર્થિક વળતર જોડાયેલા હતા. આવું કાવ્ય ગાંધીજી માટે લખ્યા પછી ગોરી સરકારની નારાજગી વહોરવી પડશે તેની પૂરી પ્રતિતિ પણ કવિને હતી, પરંતુ આ દલપત પુત્ર આવી બધી બાબતોને ગણકારે તેવા ન હતા. કવિને નોકરી છોડવી પડી. ૧૯૨૧માં નોકરી છોડીને કવિએ અમદાવાદમાં નિવાસ શરૂ કર્યો. વાત આટલેથી પૂરી થઈ ન હતી. ૧૯૨૨ માં કવિની ધરપકડ કરવા માટે મુંબઈ સરકારે વોરંટ કાઢ્યું. બ્રિટિશ સત્તાધિશો દેશના મુક્તિ સંગ્રામના મરજીવાઓ સામે કોઈ ઢીલું વલણ દર્શાવવા માંગતી ન હતી, પરંતુ આ બ્રિટિશ અમલદારોમાં પણ કેટલાંક અધિકારીઓ સંવેદનશીલ તથા સૂઝ બૂઝ વાળા હતા. કવિશ્વર દલપતરામના આજીવન મિત્ર ફાર્બસ આ બાબતનું એક આવુંજ જવલંત ઉદાહરણ છે. કવિ નાનાલાલની ધરપકડ કરવા અંગેના વોરંટ બાબતમાં પણ અમદાવાદના તત્કાલિન કલેકટર શ્રી ચેટફિલ્ડે મુંબઈ સરકારને એક વિગતવાર પત્ર લખ્યો. આ પત્રમાં કવિ તરીકેની નાનાલાલની ઉચ્ચ પ્રતિષ્ઠાને ધ્યાનમાં રાખીને તેમની સામેનું વોરંટ રદ કરવા કલેકટરે આગ્રહપૂર્વક રજૂઆત કરી. મુંબઈ સરકારે આ ભલામણ માન્ય રાખીને કવિ સામેનું વોરંટ રદ કર્યું. મહાકવિના વ્યક્તિત્વની આવી અનોખી પ્રતિભા હતી. મહાકવિનું બિરુદ કવિને લોકસમૂહે પ્રેમ તથા આદરપૂર્વક આપેલું હતું.




મહાકવિ નાનાલાલ ટ્રસ્ટ તરફથી દર વર્ષે ગુડી પડવાના દિવસે કવિશ્રીની જયંતી ઊજવાય છે. તે માટે આ ટ્રસ્ટના સભ્યશ્રીઓ તેમજ મહાકવિના કુટુંબીજનો અભિંદનને પાત્ર છે. ગુડી પડવાના દિવસે અનેક સાહિત્યપ્રેમી લોકો કવિશ્રીની સ્મૃતિને વંદન કરી તેમના જીવન તથા કવન વિશે વિચાર વિનિમય કરે છે. સમાજ પોતાની ભાષાના સર્જકને યાદ કરી તેમની સ્મૃતિ પ્રસંગોપાત તાજી કરે તે સ્વસ્થ સમાજની નિશાની છે. ગુજરાતની ધરતીને કવિએ ચાહી છે અને સતત પ્રવાસો કરીને કવિએ જાત અનુભવથી તેનો મહિમા પીછાણ્યો છે અને ગાયો છે. ગુજરાતની ભવ્યતા મહાકવિના શબ્દોમાં અનોખી ઢબે પ્રગટી છે. કવિતાને વિદ્વાનોએ શબ્દની કળા કહી છે. નાનાલાલની કવિતા એના શબ્દોને કારણે ઉન્નત છે. નાનાલાલ એટલે ''તેજે ઘડ્યા'' શબ્દો તેવું કવિ શ્રી નિરંજન ભગતનું અવલોકન યથાર્થ છે. સર્જનના દરેક સ્વરૂપોમાં કવિ વિશેષ રીતે કવિતામાં ઝળહળ્યા છે. કવિના કેટલાક કાવ્યો જાણે કે શાસ્ત્રના પ્રમાણભૂત મંત્રોની હરોળમાં મૂકી શકાય તેવા છે.

પરમ ધન પ્રભુના લેજો લોક !
રૂપુ ધન, ધન સોનુ
હો અબધૂત, હીરા મોતી ઝવેર
સત્તાધન, ધન જોબનઃ ચળ સહુ
અચળ બ્રહ્મની લહેર,
પરમ ધન પ્રભુના લેજો લોક.

આવનારી અનેક પેઢીઓના સાહિત્ય પ્રેમીઓ નાનાલાલને શ્રેષ્ઠ ઉર્મિકવિ તરીકે યાદ કરશે. સૌંદર્યલક્ષી કવિતાના આ બેતાજ બાદશાહ તેમની રચનાઓના માધ્યમથી ચિરકાળ સુધી જીવંત તથા ધબકતા રહેશે.